

# ફેબ્રુઆરી

# ૨૦૧૮

## Most IMP Current Affairs

**www.crackgpsc.com**

Crack GPSC

# ફેબ્રુઆરી ૨૦૧૮



આટલું તો વાંચવું જ પડે...
માસ્ટર GK
એક બુક બધી પરીક્ષાઓ
10000+
પ્રશ્નોનો સંગ્રહ
કોઇ પણ સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી
UPSC, GPSC, PI, PSI, ASI, નાયબ મામલતદાર, Dy. SO, તલાટી, કોન્સ્ટેબલ, બિન-સચિવાલય ક્લર્ક, હાઈકોર્ટ ક્લર્ક, TAT, TET, HTAT, SSC, BANK, LIC, Railway, MBA.
Crack GPSC easily with...
crackgpsc.com

# Most Imp Current Affairs – February 2018

- આજવામાં બનશે 125 કરોડના ખર્ચે ગુજરાતનો પ્રથમ ફેમિલી થીમ પાર્ક.
- ભૂતપૂર્વ ફૂટબોલર જ્યોર્જ વૈહ લાઇબેરિયાના રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા.
- ગાયક કે એસ ચિત્રાની કેરળ સરકાર દ્વારા 2017ના 'હરિવરસનમ' પુરસ્કાર માટે પસંદગી.
- જીતૂ રાયે 61મી રાષ્ટ્રીય નિશાનેબાજી ચેમ્પિયનશિપમાં 50 મીટર પિસ્ટલ સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીત્યો.
- ચીને પૂર્વીય શેડોંગ પ્રાંતમાં પોતાના પ્રથમ ફોટોવોલ્ટિક રાજમાર્ગનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું.
- 100 કરોડના ખર્ચે 7.25 એકરમાં ગોધરામાં બનશે ગુજરાતનું સૌપ્રથમ લોટ્સ ટેમ્પલ. દેશના બીજા લોટ્સ ટેમ્પલ પુષ્ટિધામનું કામ પૂરજોશમાં.
- ભારતીય ગોલ્ફર શિવ કપૂરે રોયલ કપ ટ્રોફીનો ખિતાબ પોતાનો નામે કર્યો.
- મેરઠના શાહજર રિઝવીએ 61મી રાષ્ટ્રીય નિશાનેબાજી ચેમ્પિયનશિપની 10 મીટર પિસ્ટલ સ્પર્ધાની ફાઈનલમાં રાષ્ટ્રીય રેકોર્ડ સાથે સુવર્ણ ચંદ્રક જીત્યો.
- દેશમાં સૌપ્રથમ ગુજરાતમાં ગાયની ઓળખ માટે રેડિયો ફ્રિકવન્સી આઈડેન્ટીફીકેશન ડીવાઈસ (RFID) તૈયાર કરવામાં આવી. જે અંતર્ગત રાજ્યની 25 હજાર ગૌ માતાનો ડેટા કોમ્પ્યુટરમાં સ્ટોર થઇ ચૂક્યાં છે. સીમકાર્ડ જેવી ચીપ આવે છે જે ચીપ ગૌ માતાની ચામડી હેઠળ ઇન્જેક્શન મારફત મુકવામાં આવે છે. રાજ્ય સરકાર દ્વારા ગૌ માતાની ઓળખ માટેના આધારકાર્ડ તૈયાર કરવા ગૌ સેવા આયોગને અઢી કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું છે.
- ડેબિટ કાર્ડ, ભીમ એપ તથા અન્ય પેમેન્ટ માધ્યમો દ્વારા 2,000 રૂપિયા સુધીની લેવડ દેવડ પર કોઈ ચાર્જ નહિ આપવો પડે.
- 61મી રાષ્ટ્રીય નિશાનેબાજી ચેમ્પિયનશિપમાં હરિયાણા 168 ચંદ્રક જીતીને પ્રથમ નંબરે રહ્યું.
- વિદર્ભે સાત વખતના ચેમ્પિયન દિલ્હીને હરાવીને પ્રથમ વખત રણજી ટ્રોફીનો ખિતાબ જીત્યો.
- પોઝીટીવ પીસ ઈન્ડેક્સમાં ભારત 163 દેશોમાં 90મા ક્રમે. સ્વિડન પ્રથમ ક્રમે.
- વિજય કેશવ ગોખલે વિદેશ સચિવ નિયુક્ત.
- ટ્રિપલ તલાકને SCમાં પડકારનાર ઈશરત જહાં ભાજપમાં સામેલ.

crackgpsc.com

- 4 જાન્યુઆરી : વિશ્વ બ્રેલ દિવસ. બ્રેલ લિપિના શોધક લુઇસ બ્રેલનો જન્મ દિવસ.
- SBIએ બેઝ રેટ તથા BPLR (benchmark prime lending rates)માં 0.30%નો ઘટાડો કર્યો.
- સાઉદી આરબ અને સંયુક્ત આરબ અમીરાતે વેટ (VAT) વ્યવસ્થા શરૂ કરી.
- દેવિકા શાહે ઇન્ડિયન ક્લીયરીંગ કોર્પોરેશન લિમિટેડ (ICCL)નાં MD અને CEOનો પદભાર સંભાળ્યો.
- ન્યુઝીલેન્ડનો ક્રિકેટર કોલિન મુનરો ટી-20 આંતરરાષ્ટ્રીય મેચોમાં ત્રણ સદી મારનાર પ્રથમ બેટ્સમેન બન્યો.
- વિશ્વનાથન આનંદે વિશ્વ બ્લિટ્ઝ શતરંજ ચેમ્પિયનશિપમાં કાંસ્ય પદક જીત્યો.
- રો (RAW)ના ભૂતપૂર્વ પ્રમુખ રાજીન્દર ખન્ના ડેપ્યુટી નેશનલ સિક્યુરિટી એડવાઇઝર નિયુક્ત.
- બ્રિટનમાં 160 કિમીની ઝડપે આવ્યું એલીનોર તોફાન. તોફાનના કારણે 4300 અકસ્માત, 150 લોકો ઘવાયા.
- મોહમ્મદ સાલાહને એક પોલમાં 2017નો આરબ દેશોનો સર્વશ્રેષ્ઠ ખેલાડી પસંદ કરવામાં આવ્યો.
- રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝે જામનગર પરિસરમાં દુનિયાનું સૌથી મોટું 'રિફાઇનરી ઓફ ગેસ ક્રેકર' (ROGC) પરિસર ચાલુ કર્યું.
- પંકજ જૈને ઇન્ડિયા ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફાઈનાન્સ કંપની લિ.ના MD તરીકે કાર્યભાર સંભાળ્યો.
- પાકિસ્તાન વાયુ સેનાના પ્રથમ પાકિસ્તાની કમાન્ડર ઇન ચીફ એર માર્શલ અને વરિષ્ઠ રાજનીતિજ્ઞ અઝગર ખાનનું નિધન.
- નીતિન ગડકરીએ સિંગાપુરમાં આસિયાન-ભારત પ્રવાસી ભારતીય દિવસનું ઉદઘાટન કર્યું.
- ટી એસ તિરુમૂર્તિ વિદેશ મંત્રાલયના સચિવ (આર્થિક સંબંધ) તરીકે નિયુક્ત.
- 26મો વાર્ષિક વિશ્વ પુસ્તક મેળો નવી દિલ્હીમાં યોજવામાં આવ્યો. મેળાનો વિષય 'પર્યાવરણ અને જળવાયુ પરિવર્તન'.
- ગુજરાત વિધાનસભામાં વિપક્ષ નેતા તરીકે પરેશ ધાનાણીની વરણી.
- કાઠમંડુ (નેપાળ)માં હિમાલય હાઈડ્રો એક્સ્પો-2018 આયોજિત કરાયું.
- પેટીએમ પેમેન્ટ્સ બેંકે ફિક્સ્ડ બેંક ડિપોઝીટ સુવિધા માટે ઈંડસઈંડ બેંક સાથે ભાગીદારી કરી.
- ઘાસચારા કૌભાંડના બીજા કેસમાં લાલુ યાદવને સાડા ત્રણ વર્ષની જેલ. રૂ. 10 લાખનો દંડ.
- પાકિસ્તાન નેવિએ સ્વદેશ નિર્મિત 'હર્બા' નેવલ ક્રૂઝ મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું.

- ગોવા ભારતના વિજ્ઞાન ફિલ્મ સમારોહના ત્રીજા સંસ્કરણની મેજબાની કરશે.
- કેન્દ્રીય મંત્રીમંડળે તેલ તથા ગેસ ક્ષેત્રે સહયોગ માટે ભારત અને ઇઝરાયેલ વચ્ચે MoUની મંજૂરી આપી.
- ભારતના પ્રિમિયર કંટેનર પોર્ટ, જવાહરલાલ નહેરુ પોર્ટ ટ્રસ્ટે ‘સમુદ્ર મંથન - કેરીંગ ઓર્ગેનાઈઝેશન ઓફ ધ યર’ પુરસ્કાર જીત્યો.
- અટલ પેન્શન યોજના (એપીવાય) 80 લાખના ગ્રાહક આધાર પર પહોંચી.
- જાપાનની વાહન નિર્માતા કંપની ટોયોટાના પૂર્વ અધ્યક્ષ તાત્સુરો તોયોદાનું નિધન.
- 9 જાન્યુઆરી: પ્રવાસી ભારતીય દિવસ. મહાત્મા ગાંધીના વર્ષ 1915માં દ. આફ્રિકા પ્રવાસથી પાછા ફરવાનો દિવસ.



- જાઈલ્સ સિમોને પ્રથમ ટાટા ઓપન મહારાષ્ટ્રની ટ્રોફી જીતી.
- ભારતીય મૂળના અભિનેતા અઝીઝ અન્સારીને ગોલ્ડન ગ્લોબ્સ પુરસ્કારોમાં મ્યુઝીકલ/કોમેડી શ્રેણીમાં ટેલીવિઝન સીરીઝ 'ધ માસ્ટર ઓફ નન'માં ભૂમિકા માટે સર્વશ્રેષ્ઠ અભિનેતાનો પુરસ્કાર.
- અંતરીક્ષમાં છ વખત જનાર, ચંદ્રની પરિક્રમા કરનાર અને તેની ખડકાળ સપાટી પર ચાલનાર મહાન અમેરિકન અંતરીક્ષ યાત્રી જોન યંગનું નિધન.
- જર્મનીની જૂલિયા જોર્જેસે WTA ઓકલેન્ડ ક્લાસિક ખિતાબ જીત્યો.
- ઇંગ્લેન્ડનો એલેસ્ટેયર કુક સચિન તેંદુલકરનો રેકોર્ડ તોડીને ટેસ્ટ મેચોમાં 12,000 રન બનાવનાર સૌથી યુવા ક્રિકેટર બન્યો.
- હરિયાણા હાઈ રિસ્ક પ્રેગ્નન્સી (એચઆરપી) પોર્ટલ લોચ કરનાર ભારતનું પ્રથમ રાજ્ય બન્યું. આ પોર્ટલ ઉચ્ચ જોખમવાળા ગર્ભાવસ્થાના કેસને જલ્દી ઓળખવામાં મદદ કરશે અને યોગ્ય સમયે સિવિલ હોસ્પિટલ સુધી આવા કેસની પહોંચની ખાતરી કરશે.
- રોજર ફેડરર અને બેલિન્ડા બેનકિકે હોપમેન કપનો ખિતાબ જીત્યો.
- ભારતની બીજી ફિલ્મ એન્ડ ટેલીવિઝન ઇન્સ્ટીટ્યુટ અરુણાચલ પ્રદેશમાં સ્થાપવામાં આવશે.
- દિલીપ અસ્બે નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશનના MD અને CEO નિયુક્ત.
- સંગીતકાર એ આર રેહમાન સિક્કિમના બ્રાન્ડ એમ્બેસેડર નિયુક્ત.
- કેન્દ્રીય વિજ્ઞાન અને ટેકનોલોજી તથા પૃથ્વી વિજ્ઞાન મંત્રી, ડો. હર્ષવર્ધને પૂણેમાં ભારતનું સૌથી ઝડપી અને પ્રથમ બહુ-પેટાફ્લોપ્સ સુપરકોમ્પ્યુટર 'પ્રત્યુષ' રાષ્ટ્રને સમર્પિત કર્યું.
- 12 જાન્યુઆરી: રાષ્ટ્રીય યુવા દિવસ. સ્વામી વિવેકાનંદનો જન્મ દિવસ.
- બિહારના મુખ્યમંત્રી નિતીશ કુમાર સાર્વજનિક જીવનમાં સત્યનિષ્ઠા માટે પ્રથમ મુફ્તી મોહમ્મદ સઈદ પુરસ્કારથી સન્માનિત.
- કેન્દ્રીય મંત્રીમંડળે સિંગલ બ્રાન્ડ રીટેલ ટ્રેડીંગ અને નિર્માણ વિકાસમાં 100% વિદેશી રોકાણને મંજુરી આપી.
- આદિત્ય મહેતાએ કોલકાતા ઓપન ઇન્ટરનેશનલ ઇન્વીટેશન સ્નૂકર ચેમ્પિયનશિપ જીતી.
- પ્રસિદ્ધ વૈજ્ઞાનિક કે. સિવન ઈસરોના નવા અધ્યક્ષ તરીકે નિયુક્ત.
- ભારતે હવામાનની દેખરેખ રાખનાર કાર્ટોસેટ-2 ઉપગ્રહનું સફળ પરીક્ષણ કર્યું. આ સાથે 29 અન્ય ઉપગ્રહ પણ છોડ્યા.
- હૈદરાબાદ વર્લ્ડ કોંગ્રેસ ઓન ઇન્ફોર્મેશન ટેકનોલોજી (WCIT) 2018ની મેજબાની કરશે.
- અભિનેત્રી કાજોલ 'સ્વચ્છ આદત સ્વચ્છ ભારત' પહેલની એડવોકેસી એમ્બેસેડર નિયુક્ત.

crackgpsc.com

- ભારતીય મૂળના સિંગાપુરના વેપારી સની વર્ગીઝ વર્લ્ડ બિઝનેસ કાઉંસિલ ફોર સસ્ટેનેબલ ડેવલપમેન્ટના અધ્યક્ષ નિયુક્ત.
- સેના અને રેલવેએ 52મી રાષ્ટ્રીય ક્રોસ કન્ટ્રી ચેમ્પિયનશિપમાં ક્રમશ: પુરુષ અને મહિલા દસ કિમીમાં ચેમ્પિયનશિપ ખિતાબ જીત્યો.
- ભારતીય આઈસ હોકી મહાસંઘના મહાસચિવ હરજિંદર સિંહ 23મા વિન્ટર ઓલિમ્પિક્સ માટે ભારતના 'શેફ ડી મિશન' નિયુક્ત.
- કેન્દ્રીય મંત્રીમંડળે ભારત અને કેનેડા વચ્ચે વિજ્ઞાન અને ટેકનોલોજી ક્ષેત્રે સહયોગ સંબંધી MoUને મંજૂરી આપી.
- 15 જાન્યુઆરી: સૈન્ય દિવસ. લેફ્ટનન્ટ જનરલ કે. એમ. કાપડિયાના 15-1-1949ના આઝાદી પછી પ્રથમ ભારતીય સેનાધ્યક્ષ બનવા નિમિત્તે ઉજવાય છે.
- શાહરૂખ ખાનને સ્વિત્ઝરલેન્ડના દાવોસમાં વિશ્વ આર્થિક મંચની 48મી વાર્ષિક બેઠકમાં 24મા વાર્ષિક ક્રિસ્ટલ પુરસ્કારથી સન્માનિત કરાશે.
- અનિલ ખન્ના IOA (Indian Olympic Association)ના નાણા પંચના અધ્યક્ષ નિયુક્ત.
- IDFC બેંકે નોન-બેન્કિંગ નાણાકીય કંપની કેપિટલ ફર્સ્ટ સાથે વિલયની ઘોષણા કરી.
- ભારતની પહેલી સ્પોર્ટ્સ રેડિયો ચેનલ લોન્ચ.
- ગિની-બિસાઉના વડાપ્રધાન ઉમરો સિસ્સકો ઇંબાલોએ રાજીનામું આપ્યું.
- વી. જે. મેથ્યુ મેરીટાઇમ બોર્ડના અધ્યક્ષ નિયુક્ત.
- ઋષભ પંતે ટી-20માં બીજી સૌથી ઝડપી સદી બનાવી.
- ચૌદમી ગુજરાત વિધાનસભાના પ્રોટેમ સ્પીકર તરીકે ડો. નીમાબેન આચાર્યની નિમણૂક.
- વડાપ્રધાન મોદીએ રાજસ્થાનના બાડમેર જિલ્લાના પાછપાડરામાં રાજસ્થાન રિફાઈનરીની પરિયોજનાની શરૂઆત કરી. આ દેશની સૌથી મોટી રિફાઈનરી હશે.
    - **આ પ્રોજેક્ટમાં શું છે ખાસ?**
        - ✓ રાજસ્થાનમાં 43,129 કરોડ રૂપિયાનું અત્યાર સુધીનું સૌથી મોટું ઈન્વેસ્ટમેન્ટ છે.
        - ✓ આ પરિયોજના HPCL અને રાજસ્થાન સરકાર વચ્ચેનું સંયુક્ત સાહસ છે.
        - ✓ આ પ્રોજેક્ટથી રાજસ્થાનને 34000 કરોડની વધારાની આવક થશે.
        - ✓ આ દેશની સૌથી મોટી રિફાઈનરી હશે. સાથે જ પબ્લિક સેકટરમાં દેશની પહેલી ઈન્ટીગ્રેટેડ રિફાઈનરી અને પેટ્રોકેમિકલ કોમ્પ્લેક્સ પણ હશે.
        - ✓ પેટ્રોલ, રબર, પેન્ટ અને પ્લાસ્ટિક જેવાં અન્ય સહાયક ઉદ્યોગોનો વિકાસ થશે. રાજ્યમાં રોજગારીની વધુ તક ઊભી થશે.

crackgpsc.com

- કેન્દ્ર સરકારે હજ સબસિડી બંધ કરી. આ ભંડોળ મુસ્લિમ યુવતીઓના શિક્ષણ અને સશક્તિકરણ માટે વાપરવામાં આવશે. વર્ષોથી હજ સબીસીડી માટે દર વર્ષે ૭૦૦ કરોડ રૂપિયા ખર્ચ કરવામા આવતા હતા.
- ઇઝરાયલના વડાપ્રધાન નેતન્યાહૂ 6 દિવસની ભારત યાત્રા પર પહોંચ્યા.
- રૂ. 13,000 કરોડનો ભારતમાલા પ્રોજેક્ટ શરૂ. પ્રોજેક્ટ્સ પાંચ રાજ્યોમાં બનશે. તેમાં સૌથી વધુ પ્રોજેક્ટ્સ આંધ્રમાં બનશે. આ ઉપરાંત ગુજરાત, તેલંગાણા અને રાજસ્થાનને અગ્રતા આપવામાં આવી છે. ગુજરાતના 5 પ્રોજેક્ટ માટે ટેન્ડર ઇશ્યુ થઇ ગયા છે.
    - **`હમ'ને અગ્રતા**

      એનએચએઆઇના જણાવ્યા અનુસાર, ભારતમાલા પ્રોજેક્ટ હેઠળ મોટા ભાગના પ્રોજેક્ટ હાઇબ્રિડ એનયુટી મોડલ (હમ) હેઠળ આપવામાં આવી રહ્યા છે, જ્યારે કેટલાક પ્રોજેક્ટસ ઇપીસી (એન્જિનિયરિંગ, પ્રોક્યોરમેન્ટ અને કન્સ્ટ્રક્શન) મોડલ હેઠળ કરવામાં આવશે.
    - **શું છે ભારતમાલા?**

      કેબિનેટે કેટલાક મહિના પહેલા ભારતમાલા પરિયોજનાને મંજૂરી આપી હતી. તેમાં લગભગ રૂ.5.35 લાખ કરોડના ખર્ચે 34,800 કિલોમીટર લાંબી સડક બનાવવામાં આવશે. ભારતમાલા પ્રોજેક્ટ અંતર્ગત ગુજરાતથી મિઝોરમ સુધી રોડ બનાવવામાં આવશે અને તેમાં મહારાષ્ટ્રથી બંગાળ સુધી તટીય રાજ્યોને પણ આવરી લેવાશે. આ રોડ નેટવર્ક ભારતને હારમાળાની જેમ આવરી લેશે.
- સુરતના માંડવીના <u>પીપરીયા</u> ગામને દેશના પ્રથમ સ્માર્ટ વિલેજનો એવાર્ડ.
    - **આ છે ખાસ સ્માર્ટ વિલેજ પીપરીયામાં**
        - ✓ મનરેગા યોજનાનો અમલ, સ્વચ્છ ભારત મિશન અંતર્ગત શૌચમુક્ત ગામ.
        - ✓ ઇન્ટરનેટની સુવિધા, સ્માર્ટ સંકુલ, સ્માર્ટ પંચાયતમાં બધી કામગીરી ડિજિટલ.
        - ✓ ૬થી ૧૪ વર્ષની વયની તમામ બાળકીના સુકન્યા યોજના હેઠળ બેંક ખાતા.
        - ✓ પાકા રસ્તા, પેવર બ્લોક્સ. એલઇડી સ્ટ્રીટ લાઇટ્સ.
        - ✓ ડોર ટુ ડોર સોલીડ વેસ્ટ કલેકશન.
        - ✓ અંડર ગ્રાઉન્ડ પાઇપ લાઇન, ૨૪ કલાક વિજળી-પાણીની સુવિધા.
        - ✓ આંગણવાડીમાં દૂધનો બગાડ અટકાવવા કુલીંગ સિસ્ટમ.
- રશિયાનું <u>ઓયમ્માકોન</u> ગામ વિશ્વનું સૌથી ઠંડુ ગામ. તાપમાન -62 ડિગ્રી સે.
- સ્ટેનફોર્ડ યુનિવર્સિટી દ્વારા કરાયેલ રીડિંગ ટેસ્ટમાં આર્ટીફીશીયલ ઈન્ટેલિજન્સ સામે મનુષ્યની હાર.

crackgpsc.com

અગાઉ 1997માં આઈબીએમ સુપર કમ્પ્યુટરે ચેસ ગ્રાન્ડ માસ્ટર ગેરી કાસ્પારોવને હરાવ્યો હતો. આ ટેસ્ટમાં સ્પર્ધકનું વાંચન કેટલું સચોટ છે અને કેટલું યાદ રાખે છે એ બાબતના આધારે માર્ક્સ અપાય છે. આ ટેસ્ટનું નામ છે સ્ક્વેડ ટેસ્ટ. સ્ટેનફોર્ડ ક્વેશ્ચન આન્સરિંગ ડેટાસેટ. આ ટેસ્ટ માત્ર સ્ટેનફોર્ડ યુનિવર્સિટી જ કરાવે છે. તે ઈન્ટેલિજન્સ માપવાનો વિશ્વસ્તરીય માપદંડ ગણાય છે.






- હવા સ્વચ્છ કરવા માટે ચીને બનાવ્યો બેઈજિંગમાં વિશ્વનો સૌથી ઊંચો એર પ્યુરિફાયર ટાવર, 330 ફૂટ હાઇટ.

એક સર્વે અનુસાર, બેઈજિંગમાં દરેક વ્યક્તિના શરીરમાં દરરોજની 21 સિગારેટ જેટલો ધૂમાડો જાય છે. ટાવર 30 વર્ગ કિલોમીટર (11.6 વર્ગ માઇલ)ના વિસ્તારની હવાને શુદ્ધ કરી શકે છે.

- વિશ્વ આર્થિક મંચના વૈશ્વિક વિનિર્માણ ઇન્ડેક્સમાં ભારત 30મા સ્થાને. જાપાન ટોચ પર.
- ભારત અને ઇઝરાયેલે સાયબર સુરક્ષા, તેલ, ગેસ અને ઊર્જા ક્ષેત્રે સહયોગ વધારવા માટે નવ સમજૂતીઓ પર હસ્તાક્ષર કર્યા.
- ભારત અને બ્રિટને બિનકાયદેસર ભારતીય પ્રવાસીઓના આગમન, આપરાધિક અને ખાનગી રેકોર્ડ બાબતે બે સમજૂતીઓ પર હસ્તાક્ષર કર્યા.
- હૈદરાબાદ હંટર્સે પ્રથમ વખત પ્રીમિયર બેડમિન્ટન લીગનો ખિતાબ જીત્યો.
- 'હમ', 'ખુદા ગવાહ', 'ધડકન', 'રંગીલા', 'જુડવા', 'હર દિલ જો પ્યાર કરેગા' જેવી ફિલ્મો માટે પ્રસિદ્ધ હિન્દી ફિલ્મ સિનેમાટોગ્રાફર. ડબ્લ્યુ બી. રાવનું નિધન.
- દિલ્હીની સંરક્ષણ વાસ્તુકાર, ઐશ્વર્યા ટિપનિસ ભારતમાં ફ્રેન્ચ વારસાના સંરક્ષણમાં તેમની ઉત્કૃષ્ઠ પ્રતિબદ્ધતા માટે ફ્રાન્સના શીર્ષ સાંસ્કૃતિક પુરસ્કાર 'ચેવાલિયર ડે લાઓર્ડ્રે ડેસ આર્ટ્સ એટ લેટ્રેસ'થી સન્માનિત.
- ભુવનેશ્વરમાં 12મા આંતરરાષ્ટ્રીય કલા અને કલાકાર ફિલ્મોત્સવનું આયોજન થયું.
- બ્રાઝિલના દિગ્ગજ ફૂટબોલ ખેલાડી રોનાલ્ડીન્હોએ સન્યાસ લેવાની ઘોષણા કરી.
- આધાર ડેટાની ગોપનીયતા અને સુરક્ષા મજબૂત બનાવવા માટે યુઆઈડીએઆઈએ વર્ચ્યુઅલ આઈડી શરૂ કરી.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને બેંજામિન નેતન્યાહૂએ બાવળા (અમદાવાદ)માં આઈ ક્રિએટ સેન્ટરનું ઉદ્ઘાટન કર્યું.
- એચડીએફસી બેંક 5 કરોડ રૂપિયાના બજાર મૂડીકરણને પાર કરનાર પ્રથમ ભારતીય બેંક બની. એચડીએફસી બેંકના અધ્યક્ષ આદિત્ય પુરી છે.
- સંજય માંજરેકરે પોતાની આત્મકથા 'ઈમ્પરફેક્ટ' લોન્ચ કરી.
- ભારતે સ્વદેશ નિર્મિત સપાટીએથી સપાટી પર માર કરનાર લાંબા અંતરની બેલેસ્ટીક મિસાઈલ અગ્નિ-5નું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું.
- વિરાટ કોહલીની ICCના વાર્ષિક પુરસ્કારોમાં વર્ષના સર્વશ્રેષ્ઠ ક્રિકેટર તરીકે પસંદગી. તે ICC ODI ક્રિકેટર ઓફ ધ યર પણ બન્યો.
- ભારતીય અમેરિકન ગુરબીર એસ ગ્રેવાલ અમેરિકાના ન્યૂજર્સી પ્રાંતના પ્રથમ શીખ એટર્ની જનરલ નિયુક્ત.
- ભારતે સંયુક્ત રાષ્ટ્ર યુવા દૂતના કાર્યાલયમાં 50,000 ડોલર્સનું યોગદાન આપ્યું.

- નીતિન ચૌહાણ પેટીએમ પેમેન્ટ્સ બેંકના CISO (Chief Information Security Officer) નિયુક્ત.
- મહારાષ્ટ્ર પબ્લિક કલાઉડ પોલીસીનું અનાવરણ કરનાર પ્રથમ રાજ્ય બન્યું. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ તથા રાજ્યપાલ સી. વિદ્યાસાગર રાવ છે.
- ભારત સોલર પરિયોજનાઓના ધિરાણ માટે 35 કરોડ ડોલર્સનું રોકાણ કરશે.
- ભારત ઓસ્ટ્રેલિયા ગ્રુપ (એજી)નું 43મું સભ્ય બન્યું. આ ગ્રુપ રાસાયણિક કે જૈવિક હથિયારોના વિકાસ કે અધિગ્રહણમાં યોગદાન આપનાર સામગ્રી, ઉપકરણ અને ટેકનોલોજીનો પ્રસાર અટકાવે છે.
- અલ્હાબાદ બેંક એમ્પ્લોઇ સ્ટોક ઓપ્શન સ્કીમ (ઇસોપ) ઓફર કરનાર પ્રથમ સરકારી બેંક બની. આ હેઠળ તેઓ પોતાના કર્મચારીઓને પાંચ કરોડ ઓર્ડીનરી શેર ઈશ્યુ કરશે.
- ફીફા રેન્કિંગમાં ભારત 102મા સ્થાને.
- નિકલોસ-સેમ્યુઅલ ગગર સ્વીત્ઝરલેંન્ડની સંસદ માટે પસંદગી પામનાર પ્રથમ ભારતીય બન્યા.
- આનંદીબેન પટેલ મધ્યપ્રદેશનાં રાજ્યપાલ નિયુક્ત.
- સુશાંત કુમાર રોય NTPCના ડિરેકટર(પ્રોજેક્ટ્સ) નિયુક્ત.
- કેરલની પુરુષ અને મહિલા ટીમોએ 68મી રાષ્ટ્રીય બાસ્કેટબોલ ચેમ્પિયનશિપમાં જીત નોંધાવી.
- સુદીપ લખટકિયા બ્લેક કેટ કમાન્ડો ફોર્સ NSGના DG નિયુક્ત.
- રાયપુરમાં 'કચરા મહોત્સવ' નામનો એક ગાર્બેજ ફેસ્ટ યોજવામાં આવ્યો.
- ઓમ પ્રકાશ રાવત દેશના મુખ્ય ચૂંટણી કમિશનર નિયુક્ત.
- પંજાબ નેશનલ બેંકે આઠમી હોકી ઇન્ડિયા સિનીયર પુરુષ રાષ્ટ્રીય ચેમ્પિયનશીપ જીતી.
- 25 જાન્યુઆરી: રાષ્ટ્રીય મતદાતા દિવસ. જાન્યુઆરી 25, 1950 ચૂંટણી પંચનો સ્થાપના દિવસ છે.
- વિશ્વ આર્થિક મંચના સમાવેશી વૃદ્ધિ સૂચકાંકમાં ભારત ઉભરતી અર્થવ્યવસ્થાઓમાં 62મા સ્થાને. નોર્વે પ્રથમ.
- ઇથોપિયાના સોલોમન ડેક્સિસાએ મુંબઈ મેરેથોનની 15મી એડીશન જીતી.
- મોરેશિયસ વર્ષ 2016-17માં ભારતમાં FDIનો સર્વોચ્ચ સ્રોત રહ્યું.
- સિદ્ધાર્થ પ્રતાપ સિંહે સ્વીડીશ ઓપન જુનીયર બેડમિન્ટનનો ખિતાબ જીત્યો.
- ભારત, વિશ્વ આર્થિક મંચના પ્રતિભા પ્રતિસ્પર્ધાત્મકતાના વૈશ્વિક સૂચકાંકમાં 81મા સ્થાને. સ્વિટ્ઝર્લેન્ડ પ્રથમ.

crackgpsc.com

- પ્રખ્યાત વૈજ્ઞાનિક એસ સોમનાથે વિક્રમ સારાભાઇ અંતરીક્ષ કેન્દ્રના ડિરેક્ટરનો પદભાર સંભાળ્યો.
- વેસ્ટ ઇન્ડીઝ મહિલા વિશ્વ ટી20-2018ની મેજબાની કરશે.
- રાજપથ પર ગણતંત્ર દિવસ પરેડ દરમ્યાન છત્રપતિ શિવાજી મહારાજને દર્શાવતી મહારાષ્ટ્રની ઝાંખીને પ્રથમ પુરસ્કાર મળ્યો.
- કેરલના મુખ્યમંત્રી પિનારાઈ વિજયને કેરલના થિરુવનંથપુરમમાં આંતરરાષ્ટ્રીય બંધ સુરક્ષા સંમેલન-2018નું ઉદઘાટન કર્યું.
- આસિયાન-ભારત વેપાર તથા રોકાણ બેઠક અને એક્સ્પોનું આયોજન નવી દિલ્હીમાં થયું.
- બોલીવુડ અભિનેતા શાહરૂખ ખાન, હોલીવુડ સ્ટાર કેટ બ્લેંચેટ અને ગાયક એલ્ટન જોન સ્વિટ્ઝર્લેન્ડના દાવોસમાં આયોજિત વિશ્વ આર્થિક મંચમાં ક્રિસ્ટલ પુરસ્કારથી સન્માનિત.
- ભારત સરકારે HPCLમાં 51.11% ઇક્વિટી શેર હોલ્ડીંગના વેચાણ માટે ONGC સાથે એક કરાર કર્યો.
- રાખી હલદરે મેંગલુરુમાં 33મી મહિલા સિનીયર રાષ્ટ્રીય ભારોત્તોલન ચેમ્પિયનશિપમાં મહિલાઓના 63 કિગ્રા વજન વર્ગમાં સુવર્ણ ચંદ્રક જીત્યો.
- TCS રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ બાદ 6 લાખ કરોડ રૂપિયાના બજાર મૂડીકરણને પાર કરનાર ભારતની બીજી કંપની બની.
- વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજે નવી દિલ્હીમાં ભારત-આસિયાન મૈત્રી પાર્કનું ઉદઘાટન કર્યું.
- ચીન બાબતોના નિષ્ણાત વિજય કેશવ ગોખલે બન્યા ભારતના વિદેશ સચિવ.
- બ્રિટનમાં ભારતીય મૂળના દસ વર્ષીય બાળક, મેહુલ ગર્ગે મેનસા આઈક્યૂ ટેસ્ટમાં સર્વાધિક અંક મેળવીને દાયકામાં સૌથી નાની વયમાં આ સિદ્ધિ મેળવી. તેણે અલ્બર્ટ આઇન્સ્ટાઇન અને સ્ટીફન હોકિંગ જેવા કુશાગ્ર લોકોને પાછળ પાડ્યા.
- ટીમિયા બાબોસ અને ક્રિસ્ટીના મ્લાદેનોવિચની જોડીએ ઓસ્ટ્રેલિયન ઓપન મહિલા યુગલનો ખિતાબ જીત્યો.
- ઉષા અનંતસુબ્રમણ્યન ભારતીય બેંક સંઘ (IBA)નાં પ્રથમ મહિલા અધ્યક્ષ બન્યાં. વર્તમાનમાં તેઓ અલ્હાબાદ બેંકનાં MD અને CEO છે.
- રેલવેના ગુરદીપ સિંહે 70મી પુરુષ સિનીયર નેશનલ વેઇટ લિફ્ટિંગ ચેમ્પિયનશિપમાં 105 કિગ્રાથી વધુ ભાર વર્ગમાં સુવર્ણ ચંદ્રક જીત્યો.
- ભારત અને કંબોડિયાએ રક્ષા સમજૂતીઓને પ્રોત્સાહન આપવાનો નિર્ણય લેતા ચાર સમજૂતી કરી.
- ચીની તાઈપેની તાઈ જૂ યિંગે ઇન્ડોનેશિયા માસ્ટર્સના મહિલા એકલનો ખિતાબ જીત્યો.

- આઈસલેન્ડ આંતરરાષ્ટ્રીય ટૂર્નામેન્ટમાં ભારતીય બેડમિન્ટન ખેલાડી સૈલી રાણેએ મહિલા એકલ ખિતાબ જ્યારે કુહૂ ગર્ગ અને રોહન કપૂરે મિશ્રિત યુગલ ખિતાબ જીત્યો.
- પ્રખ્યાત પાર્શ્વ ગાયિકા આશા ભોસલેને હિન્દી ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં ઉલ્લેખનીય યોગદાન માટે યશ ચોપરા મેમોરિયલ પુરસ્કાર આપવામાં આવશે.
- સંદીપ લૈમિચાને આઈપીએલ કરાર મેળવનાર નેપાળના પ્રથમ ક્રિકેટર બન્યા.
- ગો બેન્કિંગ રેટ્સના સર્વેક્ષણ અનુસાર, દુનિયામાં રહેવા અને સેવાનિવૃત્તિની બાબતે ભારત દુનિયાનો બીજો સૌથી સસ્તો દેશ. દક્ષિણ આફ્રિકા ટોચ પર.
- રામસિંહ પરમાર સર્વસંમતિથી ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશનના અધ્યક્ષ બન્યા.
- સ્વિટ્ઝર્લેન્ડના રોજર ફેડરરે ઓસ્ટ્રેલિયન ઓપનના પુરુષ એકલનો ખિતાબ જીત્યો.
- પ્રખ્યાત અભિનેત્રી કૈરી ફિશર 60મા ગ્રેમી એવોર્ડ્સમાં મરણોત્તર 'બેસ્ટ સ્પોકન વર્ડ એલ્બમ ગ્રેમી' પુરસ્કારથી સન્માનિત.
- ઓક્સફોર્ડ ડિક્ષનરીઝે 'આધાર'ને 2017ના હિન્દી શબ્દ તરીકે પસંદ કર્યો.
- શાલી નીનિસ્ટો ફિનલેન્ડના રાષ્ટ્રપતિ તરીકે પુનઃનિર્વાચિત.

GPSC, BANK Clerk/PO
Maths & Reasoning by...
એમ. કે. સર
87340 98198

crackgpsc.com